ગાંધીનગર સમાચાર

**શહેરમાં ઠંડીની જમાવટ યથાવત**

# હવે મનપામાં ૮ વોર્ડ અને ૩૨ બેઠકો

## શહેરની હદમાં કોઈ વધારો ના કરાયો; શહેરી વિકાસ વિભાગે વોર્ડની સંખ્યા અને બેઠકો નિયત કરતુ જાહેરનામુ પ્રસિદ્ધ કરાતાં પાટનગરમાં ધીમી ગતિએ રાજકીય સળવળાટ : ૩ વોર્ડ ઘટ્યા અને ૧ બેઠકમાં ઘટાડો થયો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકાના હાલના ૧૧ વોર્ડમાં ત્રણના ઘટાડા સાથે એક બેઠકમાં ઘટાડો કરતુ નોટીફીકેશન આજે શહેરી વિકાસ વિભાગે જારી કરતાં બીજી સામાન્ય ચૂંટણી માટેના નવા સીમાંકનનો માર્ગ મોકળો બન્યો છે.

શહેરી વિકાસ વિભાગે આજે આ અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે. શહેરની હદમાં કોઈજ વધારો કરાયો નથી તેમજ બીજી સામાન્ય ચૂંટણી માટે ૮ વોર્ડ નિયત કરાયા છે. ૨૦૧૧ની વસ્તીગણતરીને આધારે આ વોર્ડ રચના કરવા સૂચવતાં આ જાહેરનામામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવા તેમજ અનામત બેઠકો કેટલી રહેશે તે પણ દર્શાવ્યું છે.

હાલ ગાંધીનગર મહાનગર પાલિકામાં ૧૧ વોર્ડ છે અને ૩૩ કોર્પોરેટરો છે. નવા નિયમો પ્રમાણે એક વોર્ડમાં ૪ ઉમેદવારો વિજયી થશે અને બેઠકો ૩૨ થશે. આમ કોર્પોરેટરની બેઠકમાં એકનો ઘટાડો થયો છે.

૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગાંધીનગર શહેરમાં ૨,૦૭,૭૮૬ની વસ્તી નોંધાયેલ છે. અર્થાત્ ૨૫ હજારની વસ્તીએ સરેરાશ એક વોર્ડની રચના થશે. નવા સીમાંકન માટેની દરખાસ્ત તૈયાર કરવા જિલ્લા કલેક્ટરને કમિશનર સાથે પરામર્શમાં રહીને મોકલી આપવા રાજ્ય ચૂંટણી પંચે જણાવી દીધુ છે.

આજે રાજ્ય ચૂંટણી કમિશનર ડૉ. સિંહાએ પત્રકારોને જણાવ્યું હતું કે ગાંધીનગર મનપાની ચૂંટણી નિયત સમયે જ યોજવામાં આવશે.

શહેરી વિકાસ વિભાગે જે ૩૨ બેઠકો નિયત કરી છે. જેમાં પાંચ બેઠકો અનુ. જાતિ માટે અનામત રાખવા સૂચવ્યું છે. આ પૈકી બે બેઠકો આ અનુ. જાતિની મહિલા ઉમેદવારો માટે અનામત રાખવાની રહેશે.

અનુ. જનજાતિ માટે બે બેઠકો અનામત રાખવાની રહેશે જે પૈકીની એક બેઠક મહિલા માટે અનામત રાખવાની રહેશે.

આ ઉપરાંત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ૩ બેઠકો અનામત રાખવાની રહેશે જે પૈકીની ૧ બેઠક મહિલા માટે અનામત રાખવાની રહેશે.

મહિલાઓ માટેની અનામત રખાયેલી ૧૬ બેઠકોમાં આ અનામત બેઠકોનો સમાવેશ થશે અર્થાત્ બે બેઠકો અનુ. જાતિ, અનુ. જનજાતિ અને ૨ સા. શૈ. રીતે પછાત વર્ગની ૧-૧ બેઠક મળી ૪ બેઠકો મહિલાઓની ૧૬ બેઠકોમાં પણ ગણાશે.

● અનુસંધાન પાન-૫ પર


**છટ્ઠી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



જન્મ તારીખ ૨૬-૧૧-૧૯૨૮

સ્વર્ગવાસ તારીખ ૨૭-૦૧-૨૦૧૦

**સ્વ. નવિનચંદ્ર મુલચંદ ધ્રુવ**

બંધ કરી આંખ અને દર્શન કરીએ
ઝુકાવી પાપણ તમને નમન કરીએ
નજર સમક્ષ કાયમ રહ્યા હવે ફક્ત છબી જોવાની રહી,
સૌનો છોડ્યો સાથ ઓચિંતા લીધી વિદાય,
ક્યાં જઈશું, કોને કહીશું,
અમે અંતરની વાત એક પળ પણ ભૂલ્યા નથી
આંખોના અશ્રુ વહ્યા કરે છે.
અંજલી આપતા શબ્દો ઓગળ્યા કરે છે.

**પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના**

લી. ગં. સ્વ. ભાવનાબેન નવીનચંદ્ર ધ્રુવ
જયેશ, સંજય, દિલીપ (પુત્રો)
રોનક, રોહન (પૌત્ર)
કિંજલ, ખ્યાતિ, ગ્રીષ્મા, દિયા (પૌત્રી)


# શહેરમાં ઠંડીની જમાવટ યથાવત

## નગરજનો કોલ્ડવેવની ગિરફતમાં : ઠંડીનો પારો સ્થિર : આકરી ઠંડીના લીધે દમ શ્વાસના દર્દીઓ પરેશાન : સિનિયર સિટિઝન્સને પરેશાની : નગરના જનજીવનમાં પણ અનોખો બદલાવ

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં ઠંડીની મૌસમે જમાવટ કરી છે. સતત બીજા દિવસે પણ ઠંડીનો પારો યથાવત રહયો હતો. આજે પણ લઘુત્તમ તાપમાન ૬.૫ ડીગ્રી નોંધાયુ હતુ. છેલ્લા બે દિવસથી ઠંડીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા નગરજનો કાતિલ કોલ્ડવેવથી થરથરી રહયા છે. ઠંડીનો આકરો મિજાજ આજે પણ જળવાઈ રહયો હતો. ગઈકાલની સાપેક્ષમાં આજે ઠંડીના પારામાં માત્ર ૦.૩ ડીગ્રીનો ફેરફાર જોવા મળ્યો હતો.



શહેરમાં ઠંડીના બીજા રાઉન્ડમાં શિયાળો આકરો હોવાનો અહેસાસ નગરજનો કરી રહયા છે. ગત ડિસેમ્બરમાં ઠંડીનો પારો ૭ ડીગ્રી એ પહોંચ્યા બાદ છેલ્લા કેટલાક સમયથી તાપમાનની સતત ચઢઉતર વચ્ચે શિયાળાની શિત લહેર જાણે સાવ અદ્રશ્ય થઈ ગઈ હતી. શહેરીજનો બેવડી સિઝન અનુભવતા દિવસ દરમિયાન ગરમી વેઠવાનો વારો આવ્યો હતો. પરંતુ છેલ્લા એક અઠવાડીયાથી ઠંડીની મૌસમ નિખરી છે. દિનપ્રતિદિન લઘુત્તમ તાપમાન ઘટતા વાતાવરણમાં ઠંડીનુ જોર વધતુ જાય છે.જાન્યુઆરીમાં સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ છે. જયારે ગાંધીનગર સમગ્ર રાજયમાં સૌથી ઠંડુ શહેર બનતા નગરજનો ઠંડીમાં ઠુંઠવાય રહયા છે. ગઈકાલે ઠંડીનો પારો ૬.૨ ડીગ્રી પહોંચ્યો હતો. જયારે આજે પણ ઠંડીના પારામાં કોઈ ખાસ ચઢઉતર જોવા મળી નથી.

સતત ઠંડીના લીધે નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ છે. જયારે શ્રમિકોની હાલત પણ કફોડી બની છે. ઠંડીના લીધે સિનિયર સિટિઝન્સ પણ શારિરીક તકલીફો અનુભવી રહયા છે. દમ અને શ્વાસના દર્દીઓની હાલત પણ દયાજનક બની છે. ઠંડીના લીધે સાંજ ઢળતા જ નગરમાં સુનકાર છવાઈ જાય છે. નગરમાં ઠંડીની ઋતુએ જમાવટ કરી છે. ઠંડીના લીધે નગરના જનજીવનમાં પણ અનોખો બદલાવ જોવા મળી રહયો છે. શહેરમાં રાત્રિ દરમિયાન જાણે કરફયુ લાગી ગયો હોય તેમ માર્ગો પર સુનકાર વ્યાપી જાય છે.

# ૫૦ ટકાથી ઓછા મત મેળવનાર શાસન કરે તે પદ્ધતિમાં બદલાવની મતદારો જરૂરિયાત જોઈ રહ્યા છે : રાજ્યપાલ

## ચૂંટણીના શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારી-કર્મચારીઓને રાજ્ય અને જિલ્લાકક્ષાના એવોર્ડ અર્પણ કરાયા : ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાના છઠ્ઠા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૫

૫૦ ટકાથી ઓછા મત મેળવનાર પક્ષ શાસન કરે તેવા તેમાં સુધારો કરવાની જરૂરિયાત હોવાની વાત મતદારો કરી રહ્યા છે ત્યારે જાગૃત મતદારો ચૂંટણી સુધારા માટે રાજકીય પક્ષો પર દબાણ બનાવેલુ રાખે તે જરૂરી છે. તેમ રાજ્યના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ આજે રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી પ્રસંગે અધ્યક્ષીય પ્રવચનમાં કહી હતી.



તેમણે કહ્યું કે ચૂંટણી આવે ત્યારે જ ચૂંટણી સુધારાની વાતો થાય છે અને પાછી વિસરાઈ જાય છે. મહામહીમ રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે લોકસભાની ચૂંટણીમાં ૨૦૦૯ની તુલનામાં મતદાન વધુ થયુ હતુ પરંતુ ઉચ્ચ વર્ગ, ધનાઢ્ય વર્ગ મતદાનથી અળગો રહેવાનું વલણ અપનાવે છે તેમાં બદલાવ આવે તે જરૂરી છે.

રાજ્યપાલશ્રીએ કહ્યુ હતુ કે મતદાતાએ લોકતંત્રનો રક્ષક છે. મતદાતા તરીકેની જવાબદારી અને કર્તવ્ય સકારાત્મકતાથી અપનાવે તે પણ જરૂરી છે. નાગરિક અને મતદાતા તરીકેની જવાબદારી અને ફરજો બન્નેમાં પાતળો તફાવત છે તે પણ ભુલવુ જોઈએ નહિ.

પૂર્વ ચૂંટણી કમિશનર ટી.એન. શેષાને જે રીતે નિષ્પક્ષ અને નિર્ભય રીતે મતદાતા મતદાન કરી શકે તે માટે જે ઝુંબેશ ચલાવી હતી તેને યાદ કરી મતદાતા નિષ્પક્ષ રહી, નિર્ભયતાથી કોઈના પણ દબાણમાં આવ્યા વિના મતદાન કરે એ જરૂરી છે.

રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે, નાગરિક અને મતદાતા વચ્ચે અંતર છે. ભારતના ચૂંટણી પંચે અઢાર વર્ષ પૂર્ણ થતાં મતદાતા બનાવવાનું

● અનુસંધાન પાન-૫ પર


sports @ PARISAR - 1st time in Gandhinagar a full scale TENNIS COURT
ultra luxurious apartments...@ Kudasan, Gandhinagar

A Project By : S.R INFRACON




for detailed presentation call: tps The Property Shop 98240 21135
besides shivalay residency, infocity - daiict road, opp. kanam-1, kudasan, gandhinagar.


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com